# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*******************************************************

**1)** ભારત અને ઇરાન વચ્ચેની વાતચીત બાદ ઈરાને ભારતના ધ્વજવાળા ટેન્કરોને હોર્મુઝ સામરૂદ્રધુની માંથી પસાર થવાની મંજૂરી આપી

**2)** દેશની એરલાઇન્સ, આજથી મધ્ય પૂર્વ એશિયા માટે 100 થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

**3)** જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂખ અબ્દુલ્લા પર થયેલા હુમલાની તપાસ અંગે સરકારે ખાતરી આપી

**4)** ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિત દેશના નેતાઓએ દાંડીકૂચ સ્મૃતિ દિવસ નિમિત્તે સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી

**5)** BCCIના વાર્ષિક એવોર્ડ સમારોહમાં શુબમન ગિલને ક્રિકેટર ઓફ ધ યર જાહેર કરાશે. રાહુલ દ્રવિડને પણ સંમાનિત કરાશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# INDIA TANKER – HORMUZ

વિદેશ મંત્રી એસ. જયશંકર અને તેમના ઈરાની સમકક્ષ અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત બાદ ઈરાને ભારતના ધ્વજવાળા ટેન્કરોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપી છે.

અમેરિકા, યુરોપ અને ઈઝરાયલના જહાજો વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ જળમાર્ગમાં પ્રતિબંધોનો સામનો કરી રહ્યા છે, તેમ છતાં ભારતીય ટેન્કર 'પુષ્પક' અને 'પરિમલ' હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ રહ્યા છે. મંગળવારે વિદેશ મંત્રી જયશંકર અને ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી વચ્ચેની વાતચીત દરમિયાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી ટેન્કરોના સલામત નેવિગેશનને સુનિશ્ચિત કરવાનો મુદ્દો મુખ્ય હતો.

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ ઉર્જા માર્ગોમાંના એકમાં સુરક્ષા પડકાર હોવાથી અધિકારીઓ પરિસ્થિતિ પર બાજનજર રાખી રહ્યા છે.

# IRAQ TANKER ATTACK

ઇરાકના બસરા નજીક યુએસ માલિકીના ક્રૂડ ઓઇલ ટેન્કર પર થયેલા હુમલામાં એક ભારતીય ક્રૂ મેમ્બરનું મોત થયું છે. ઇરાકમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ટેન્કર “સફેસી વિષ્ણુ” માર્શલ આઇલેન્ડ્સના ધ્વજ હેઠળ સફર કરી રહ્યું હતું. દૂતાવાસે જણાવ્યું હતું કે બાકીના 15 ભારતીય ક્રૂ સભ્યોને સલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે અને ઇરાકી અધિકારીઓ અને બચેલા ભારતીય ખલાસીઓ સાથે  સંપર્કમાં  છે. દૂતાવાસે મૃતક ક્રૂ મેમ્બરના પરિવાર પ્રત્યે પણ સંવેદના વ્યક્ત કરી હતી.

# AIRLINES SPECIAL FLIGHTS

દેશની એરલાઇન્સ, આજે મધ્ય પૂર્વ એશિયા માટે 100 થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરશે. એર ઇન્ડિયા અને તેની પેટાકંપની એર ઇન્ડિયા એક્સપ્રેસે કુલ 58 ફ્લાઇટ્સનું આયોજન કર્યું છે. ઇન્ડિગોએ બુધવારે જાહેરાત કરી હતી કે, તે ગુરુવારે કુલ 41 ફ્લાઇટ્સનું સંચાલન કરશે. નવી એરલાઇન અકાસાએ ગુરુવારે પાંચ ભારતીય શહેરોથી જેદ્દાહ માટે ફ્લાઇટ્સનું સંચાલન કરવાની યોજનાની પણ જાહેરાત કરી હતી.

એરલાઇન્સના સત્તાવાર નિવેદનો અનુસાર, એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ સંયુક્ત રીતે 18 નિયમિત ફ્લાઇટ્સ અને 40 ખાસ ફ્લાઇટ્સનું સંચાલન કરશે. નિયમિત ફ્લાઇટ્સમાંથી 10 સાઉદી અરેબિયાના જેદ્દાહ અને આઠ મસ્કત, ઓમાન માટે હશે. એર ઇન્ડિયા આજથી સાઉદી અરેબિયાની રાજધાની રિયાધથી મુંબઈ અને કોઝિકોડ માટે ફ્લાઇટ્સનું સંચાલન પણ શરૂ કરશે. ખાસ ફ્લાઇટ્સમાં જેદ્દાહથી દિલ્હી અને મુંબઈની ફ્લાઇટ્સનો પણ સમાવેશ થાય છે. ઇન્ડિગોએ જણાવ્યું હતું કે, તે યુરોપ અને પશ્ચિમ એશિયાના કુલ નવ શહેરો માટે ફ્લાઇટ્સનું સંચાલન કરશે.

# FAROOQ ABDULLAH ATTACK

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાનો ગઈકાલે રાત્રે જમ્મુમાં થયેલા હુમલામાં આબાદ બચાવ થયો છે. તેઓ એક લગ્ન સમારંભમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા એક બંદૂકધારીએ તેમના પર ગોળીબાર કર્યો હતો..

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરી અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાના સલાહકાર નાસિર અસલમ વાની ઘટના સમયે અબ્દુલ્લા સાથે હતા. આરોપીની ઓળખ 63 વર્ષીય કમલ સિંહ જામવાલ તરીકે થઈ છે, જે જમ્મુના પુરાની મંડીના રહેવાસી અજિત સિંહનો પુત્ર છે, જેણે પોલીસને જણાવ્યું હતું કે તે છેલ્લા 20 વર્ષથી અબ્દુલ્લાને નિશાન બનાવવાની તકની રાહ જોઈ રહ્યો હતો.

# RAJYA SABHA-FAROOQ

રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડાએ ગૃહને ખાતરી આપી છે કે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પર થયેલા હુમલા પાછળના સંપૂર્ણ સંજોગોને ઉજાગર કરવા માટે વ્યાપક તપાસ કરવામાં આવશે. વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાનો જવાબ આપતા, શ્રી નડ્ડાએ કહ્યું કે સરકાર આ મામલાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે.

(બાઇટ- જે.પી.નડ્ડા, નેતા, રાજ્યસભા)

# LS – ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. સવારે 11 વાગ્યે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે સ્પીકર ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષના સભ્યો વિવિધ મુદ્દાઓ પર હોબાળો મચાવ્યો હતો. શ્રી બિરલાએ કહ્યું કે પ્રશ્નકાળ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે સભ્યો મહત્વપૂર્ણ પ્રશ્નો પૂછે છે. તેમણે દરેકને પ્રશ્નકાળ શરૂ કરવા વિનંતી કરી. જોકે, વિપક્ષના સભ્યોએ વિનંતી પર ધ્યાન આપ્યું ન હતું જેના કારણે ગૃહ બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું.

ગઈકાલે ધ્વનિમતથી અધ્યક્ષ પદ પરથી  હટાવવાની માંગણી કરતો વિપક્ષનો ઠરાવ રદ થયા બાદ શ્રી બિરલાએ આજે ગૃહની કાર્યવાહીનું કામકાજ સંભાળ્યું હતું.

# JAISWAL- RESOLUTION

લોકસભામાં ભાજપના મુખ્ય દંડક ડૉ. સંજય જયસ્વાલે લોકસભા સ્પીકરને લગતા અવિશ્વાસ પ્રસ્તાવ પર કોંગ્રેસ પાર્ટીની ટીકા કરતા કહ્યું છે કે વિપક્ષ પૂરતું સમર્થન મેળવવામાં નિષ્ફળ ગયો છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે જો મતદાન થયું હોત તો તેમના સમર્થનમાં 350થી વધુ મતો મળ્યા હોત. LPG અને ઇંધણની અછત અંગે ફેલાતા અહેવાલોનો જવાબ આપતા, શ્રી જયસ્વાલે જનતાને ખાતરી આપી હતી કે કોઈ અછત નથી. તેમણે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા વિનંતી કરી.

# SHIVRAJ - PM KISAN SAMMAN NIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આસામના ગુવાહાટીથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 22મો હપ્તો જાહેર કરશે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે સવારે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધન કરતી વખતે આ જાહેરાત કરી. તેમણે નોંધ્યું કે પ્રધાનમંત્રી મોદી લગભગ 9 કરોડ 32 લાખ ખેડૂતોના બેંક ખાતાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા 18 હજાર 640 કરોડ રૂપિયા જાહેર કરશે. તેમણે ઉમેર્યું કે આ યોજના હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોને 4 લાખ 9 હજાર કરોડ રૂપિયાથી વધુ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. શ્રી ચૌહાણે કહ્યું કે આગામી હપ્તા જારી થતાં કુલ રકમ 4 લાખ 27 હજાર કરોડ રૂપિયાને વટાવી જશે.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે દેશનું કુલ ખાદ્યાન્ન ઉત્પાદન 2014 માં 252 મિલિયન ટનથી વધીને 2025 માં લગભગ 357 મિલિયન ટન થયું છે. તેમણે નોંધ્યું હતું કે બાગાયતમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે, તેમણે ઉમેર્યું હતું કે ફળો અને શાકભાજીનું ઉત્પાદન અને ઉત્પાદકતા પણ સતત વધી રહી છે.

## (બાઈટ- શિવરાજ સિંહ ચૌહાણ)

# Vice President – Dandi March

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને ગૃહમંત્રી અમિત શાહે આજે ઐતિહાસિક દાંડી કૂચમાં ભાગ લેનારા તમામ બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે આ ચળવળે સત્ય અને અહિંસાના આદર્શો દ્વારા સ્વ-નિર્ભરતાની રાષ્ટ્રવ્યાપી ભાવનાને પ્રેરણા આપી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસ્કૃત શ્લોક શેર કરીને સત્યની જીત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે સત્યનો હંમેશા વિજય થાય છે અને અસત્યનો અંત આવે છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આ કૂચને માત્ર એક કૂચ નહીં પરંતુ એક મહાન સત્યાગ્રહ ગણાવ્યો. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે સ્વદેશી તરફનું આ પગલું સ્વતંત્રતા ચળવળમાં એક વળાંક સાબિત થયું.

# BCCI - SHUBMAN GILL

રવિવારે નવી દિલ્હીમાં યોજાનાર BCCIના વાર્ષિક એવોર્ડ સમારોહમાં ભારતના ટેસ્ટ અને ODI કેપ્ટન શુભમન ગિલને ક્રિકેટર ઓફ ધ યર જાહેર કરવામાં આવશે. 26 વર્ષીય આ  ખેલાડીએ અન્ય બે ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે ટેસ્ટમાં 983 રન બનાવ્યા, જેમાં 2025માં ઇંગ્લેન્ડ સામેની ડ્રો થયેલી શ્રેણીમાં 70 થી વધુની સરેરાશથી 754 રનનો સમાવેશ થાય છે. તેના ODI રનની સંખ્યા 490 રહી...

ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડને ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાન માટે કર્નલ સીકે નાયડુ લાઇફટાઇમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે,

મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA) ને સ્થાનિક ક્રિકેટમાં શ્રેષ્ઠ એસોસિએશન તરીકે નામ આપવામાં આવશે.

# NEW INVANTION

ભારતીય પ્રાણીશાસ્ત્રીય સર્વેક્ષણે લેપિડોપ્ટેરા ક્રમના લાઈકેન પતંગિયાની બે નવી પ્રજાતિઓ શોધીને કીટશાસ્ત્રના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. ભારતીય હિમાલય ક્ષેત્રમાંથી પ્રથમ વખત, સાત અન્ય પ્રજાતિઓનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે.

આ પ્રજાતિઓની ઓળખ સિક્કિમના ગોલિતાર અને પશ્ચિમ બંગાળના પાનીઝોરા પ્રદેશમાંથી એકત્રિત કરાયેલા નમૂનાઓના આધારે કરવામાં આવી હતી.વૈજ્ઞાનિકોના મતે, આ પ્રજાતિઓને પર્યાવરણ અને હવાની ગુણવત્તાના કુદરતી સૂચક તરીકે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.